ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સે. ૩-સીમાં મીરા સખી નેહલે ભગવાન કૃષ્ણ સાથે લગ્ન કર્યાં..!

## માનસિક વિશિષ્ટ યુવતીનાં ભવ્ય લગ્નમાં રાજકીય આગેવાનો, સક્રિય સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા : નગરના આંગણે અનોખો લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

કૃષ્ણના પ્રેમમાં વિરહતી મીરાએ પોતાનું જીવન ભગવાન કૃષ્ણના ચરણોમાં સમર્પિત કરી સમાજને સાચા પ્રેમ અને શ્રદ્ધા ભક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપી નવી રાહ ચિંધી હતી. આજના આધુનિક અને ભૌતિકવાદી



સમાજમાં સમજણ, સહનશીલતા ધૈર્ય અને લાગણીના અભાવે સપ્તપદીના સાત ફેરા બાદ લગ્નજીવનના તાતણે બંધાતા નવ દંપતિઓ નજીવી બાબતેજ એક-મેક સાથે છેડો ફાંડી નાંખે છે. જેના પરિણામે આજની સમાજ વ્યવસ્થા કથળી રહી છે. ત્યારે ગાંધીનગરના આંગણે આજે યોજાયેલા અનોખા લગ્ન મહોત્સવે મીરાની જેમ જ પ્રેમ અને શ્રદ્ધા ભક્તિનો પ્રેરણાદાયી કિસ્સો તાદશ્ય કર્યો હતો. સેક્ટર-૩-સીમાં રહેતી માનસિક વિશિષ્ટ યુવતીએ આજે ભગવાન કૃષ્ણ સાથે ગોપી ભાવે લગ્ન કર્યા હતા. ભવ્ય લગ્ન મહોત્સવમાં નગરના રાજકીય આગેવાનો, અગ્રણીઓ સહિત પટેલ સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી લગ્નના કોડ પુરા કરતી યુવતિ નેહલને આશીર્વચન પાઠવ્યા હતા.



સેક્ટર-૩-સીમાં રહેતા અને ઉનાવાના વતની નટવરભાઈ નારણભાઈ પટેલ તેમજ લલિતાબેનની પુત્રી નેહલને લગ્નબંધનથી જોડવા નગરના આંગણે આજે અનોખો લગ્ન મહોત્સવ યોજવામાં આવ્યો હતો. નટવરભાઈની ૩૦ વર્ષીય માનસિક વિશિષ્ટ પુત્રી નેહલ સમાજના લગ્ન સમારોહમાં પરિવાર સાથે હાજરી આપતી હતી. આ દરમિયાન લગ્નપ્રસંગોના અંતે પોતાને પણ લગ્ન કરવાની ઈચ્છા હોવાની સતત લાગણી વ્યક્ત કરતી હતી. લગ્ન મંડપ અને ચોરી જોઈ લગ્ન કરવા ઈચ્છુક બનેલ લાડકી પુત્રીના કોડ પુરા કરવા નટવરભાઈ તેમજ તેણીના મામા વિક્રમભાઈ તથા રમેશભાઈના સતત એક વિચાર ચાલતો હતો. આખરે આ વિચારના ફળ સ્વરૂપે ભગવાન કૃષ્ણ સાથે લગ્ન કરવા ઉત્સાહી નેહલના લગ્નને અનુલક્ષી ઘર આંગણે ભવ્ય સાજ-સજાવટ અને બેન્ડવાજાની સુરાવલી વચ્ચે આ અનોખો લગ્ન મહોત્સવ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. વિક્રમભાઈ અને રમેશભાઈએ ભવ્ય મામેરાની રસમ અદા કરી હતી. દુલ્હનના ડ્રેસમાં સજ્જ મીરા સરખી નેહલના ગોપી ભાવે ભગવાન શ્રીકૃષ્ણ સખા સાથે લગ્ન યોજાયા હતા. સવારે ૮ થી ૧ કલાક દરમિયાન ધાર્મિક વિધિ યોજાયા બાદ ૧૧.૩૦ કલાકથી ભોજન સમારંભ શરૂ થયો હતો. નગરના આંગણે યોજાયેલા આ અનેરા લગ્ન મહોત્સવમાં સ્થાનિક રાજકીય, આગેવાનો અગ્રણીઓ ઉપરાંત પટેલ સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી સુજ્ઞ સત્સંગીને આશીર્વચન પાઠવ્યા હતા.

ભોજન સમારંભ દરમિયાન પણ લગ્ન મંડપમાં ઉપસ્થિત અઢીથી ત્રણ હજાર મહેમાનોને અવનવી વાનગી પીરસવામાં આવી હતી.

# આજે ભાજપનો ચૂંટણી ઢંઢેરો બહાર પડશે

ગાંધીનગર, તા. ૨

ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ શ્રી ડૉ. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવાના સંકલ્પોને સાંકળતું "સંકલ્પ પત્ર-૨૦૧૨" ૩ ડિસેમ્બરના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રજૂ કરશે.

સંકલ્પ પત્ર પ્રજા સમક્ષ રજૂ કરવાના પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપાના રાષ્ટ્રીય નેતા અને રાજયસભામાં વિપક્ષના નેતા શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, ગુજરાત રાજ્યના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદૂ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ભાજપા દ્વારા તૈયાર કરાયેલ સંકલ્પપત્રમાં અનેક મહાનુભાવોએ યોગદાન આપેલ છે. સંકલ્પ પત્ર એ ભાજપાની કટિબધ્ધતા અને કાર્યયોજનાનો દસ્તાવેજ છે.

# મુખ્યમંત્રી આજે ચોટીલા સહિત ત્રણ સભા સંબોધશે

અમદાવાદ, તા. ૨

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ જાહેરસભાને સંબોધન કરશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૩ ડિસેમ્બરના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડૉ.જગદીશ ભાવસારે જણાવ્યું છે કે ૩ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બપોરે ૧.૪૫ કલાકે એ.પી.એમ.સી. મેદાન, વિરમગામ ખાતે જાહેરસભાને સંબોધશે. વિરમગામથી આનંદપુરરોડ ચોકડી, ચોટીલા ખાતે ૩.૦૦ કલાકે અને ૪.૪૫ કલાકે સુદામા ચોક પોરબંદર ખાતે સભાને સંબોધી મોડી રાત્રે અમદાવાદ પરત કરશે.

# જામફળ અને આમળાના ઢગ બજારોમાં છવાયા



શિયાળામાં ખિસ્સાને પોષાય તેવા ફળો ઉપલબ્ધ બનતા આ ઋતુ સૌને પસંદ હોય છે. સ્વાસ્થ્યવર્ધક આમળા અને લાલ-લીલાં જામફળના ઢગ બજારોમાં ખડકાતા તેની ખરીદી તેજ બની છે. શાકભાજીની સાથે સાથે જામફળ, આમળા અને બોર જેવા ફળોનું બજારોમાં આગમન થતાં તેની ખરીદી તેમજ બની છે. વળી આ ફળો અન્ય ફળો જેટલાં મોંઘા ન હોવાથી વસાહતીઓ તેને ખુબ પ્રેમથી ખાઈ અને ખરીદી શકે છે. જામફળમાં પણ લીલા અને લાલ એમ બે પ્રકારના ફળો ઉપલબ્ધ છે. આમળાંનો મુરબ્બો, જ્યુસ અને ચવનપ્રાસ બનાવવાની હાલ સીઝન હોઈ વસાહતીઓ તેની ખરીદી કરી રહ્યા છે.


# નગરમાં ચૂંટણીલક્ષી ગરમાવા વચ્ચે ઠંડીનું મોજું : પ્રચાર ઝુંબેશમાં અવરોધ

## સાંજ ઢળતાં ઠંડીની અસરથી નગરમાં સન્નાટો : મતદારોના દ્વાર સુધી દસ્તક દેવાનું મુશ્કેલ બન્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં વિધાનસભાની ચૂંટણીને લઈ ઠંડીના ચમકારા વચ્ચે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણીના પ્રચાર પડધમ વચ્ચે જ વાતાવરણમાં એકાએક જ ઠંડીનું જોર વધતા ઉમેદવારોની પ્રચાર ઝુંબેશમાં વિઘ્ન ઊભું થયું છે. ઠંડીનં જોર વધતા સાંજ ઢળતાં જ નગરમાં જાણે સુનકાર છવાઈ જાય છે. આવા સંજોગોમાં રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર માટે આમ નાગરિકોના દ્વારે દસ્તક દેવાના મામલે મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે.

વિધાનસભા-૨૦૧૨માં હાઈ પ્રોફાઈલ ચૂંટણી જંગને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. અલબત્ત મતદાનનો દિવસ નજીક આવતો જાયછે તેમ રાજકીય ગરમાવા વચ્ચે ચૂંટણીલક્ષી ઉત્તેજના જોર પકડી રહી છે. બીજી તરફ ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવારોએ પણ મત પોકેટમાં લેવા પ્રચાર ઝુંબેશમાં લાગી ગયા છે. દિવસ ઉપરાંત મોડી રાત સુધી ઉમેદવારો પક્ષના ચૂંટણી કાર્યાલયો ઉપર ચૂંટણીલક્ષી ચર્ચાઓ અને તર્ક-વિતર્કનો દોર શરૂ થઈ ગયો છે પરંતુ ચૂંટણી પ્રચારનાર પ્રારંભે જ રાજકીય ગરમાવા વચ્ચે એકાએક વાતાવરણમાં ઠંડીનું જોર વધવા ચૂંટણીની પ્રચાર ઝુંબેશ સામે એક અવરોધ સર્જાયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. કાશ્મીરમાં હીમ વર્ષા તેમજ દિલ્હીમાં નાટ્યાત્મક વાતાવરણ પલટા બાદ પાટનગરમાં પણ ઠંડીનો પારો ૧૨ ડીગ્રી સુધી પહોંચી જતાં નગરના જનજીવન પરઠંડીની અસર સહજ રીતે જ વર્તાઈ રહી છે. જેના લીધે સાંજ ઢળતાં જ નગરના મુખ્ય માર્ગો સહિત સેક્ટરના આંતરિક વિસ્તારમાં સન્નાટો છવાઈ જાય છે. જ્યારે ચૂંટણી પ્રચાર અને લોકસંપર્ક માટે આ સમયે ઠંડીનું મોજુ ફરી વળતા ઉમેદવારો માટે પ્રચાર ઝુંબેશના પ્રારંભે જ થોડી મુંઝવણ ઉભી થઈ છે. રાજકીય પક્ષોની સભાઓ અને ચૂંટણી પ્રચારના અભિયાનમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. સમર્થકોની પાંખી હાજરી ચૂંટણીના મુરતિયાઓને મુંજવી રહી છે. ચૂંટણીના હોટ ફિવર વચ્ચે કોલ્ડવેવ શરૂ થતાં મતદારોના દ્વારે દસ્તક દેવાનું પણ રાજકીય પક્ષો માટે કપરુ બનતું જતુ હોવાનો શુર ઉઠવા પામ્યો છે. મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે. તેમ તેમ ચૂંટણી પ્રચારની ગતિવિધિઓ તેમજ બની રહી છે. પરંતુ આગામી દિવસોમાં પણ ઠંડી વધુ આક્રમક બનશે તો ચૂંટણી પ્રચારની પ્રક્રિયા કોલ્ડવેવથી વધુ પ્રભાવિત બનશે તેવી સક્યતા છે.




**ફર્નિચર ભાડે મળશે**

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com